Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री ॥

# આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૬ ઠું.

સંવત ૧૯૬૪ના શ્રાવણથી સંવત ૧૯૬૫ના અશાડ સુધી અંક ૧૨.

" सेव्यः सदा श्री गुरु कल्पवृक्षः "

स्रग्धरावृत्तम्.

धर्मानन्दं वितन्वन् जगति जनगणे भव्यतानन्दयुक्ते
विद्यानन्दं विनोदै र्निजहृदि वितरन् वाचकानां विशेषात्।
भावानन्दं गुरूणां पदकमलयुगे भासयन् भक्तिभाजाम्
आत्मानन्दप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् ॥

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

તંત્રી.

મોતીચંદ ઓધવજી શાહ.

વીર સંવત ૨૪૩૫. આત્મ સંવત ૧૩-૧૪

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—" ધી હિતેચ્છુ પ્રિન્ટીંગ પ્રેસ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## शार्दूलविक्रीडितम्.

सच्चारित्र पवित्र चित्र चरितं चारु प्रबोधान्वितं
शांतं श्री शमतारसेन सुखदं सर्वज्ञ सेवाधरम्
विद्वन्मंडल मंडनं सुयशसा संव्याप्त भूमंडलं
तं सूरिं प्रणमाम्यहं सुविजयानंदाभिधं सादरम् ॥ १ ॥

"ઉત્તમ આચારોએ કરીને પવિત્ર અને સુંદર છે ચારિત્ર જેમનું, તેમજ સુંદર બોધવડે જે યુક્ત છે, વળી શમતાના રસે કરીને શાંત સુખને આપનારા, સર્વજ્ઞની સેવાને ધારણ કરનારા, વિદ્વાનોના મંડળમાં આભુષણરૂપ, અને ભુમંડળની અંદર જે-મનો યશ સારી રીતે વ્યાપેલો છે, તેવા શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ને હું આનંદપૂર્વક નમસ્કાર કરૂં છું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ–પ્રભુ સ્તુતિ. | ૧, ૨૫, ૪૯, ૭૩, ૧૪૫, ૧૬૯, ૧૯૩, ૨૧૭, ૨૪૧ ૨૬૫ |
| ૨ | ગુરૂ સ્તુતિ ... | ... ૧, ૨૫, ૪૯, ૧૨૧, ૧૪૫, ૨૧૭. |
| ૩ | આગમ સ્તુતિ. ... ... ... ... | ૨ |
| ૪ | પ્રભુ પ્રાર્થના... ... ... ... ... | ૨ |
| ૫ | મારૂં નવું વર્ષ. ... ... ... ... | ૩ |
| ૬ | શ્રાવક ક્ષેત્ર અને ધાર્મિક કેળવણી. ... ... | ૬, ૮૪ |
| ૭ | યુવાન વર્ગને બોધ ... ... ... ... | ૧૦ |
| ૮ | ધર્મની ખરી કુંચી ... ... ... ... | ૧૪, ૪૩ |
| ૯ | અંધારામાં રહેલું એક જીર્ણ જીનાલય... ... | ૨૪ |
| ૧૦ | સદ્‌ગુણલાલનો સંસ્કૃત સંસાર... ... ... | ૨૬, ૫૦ |
| ૧૧ | સદ્‌બોધ રસરાજ ... ... ... ... | ૩૨ |
| ૧૨ | કોન્ફરન્સના તત્વો ... ... ... ... | ૩૯ |
| ૧૩ | ગ્રંથાવલોકન ... ... ... ... ... | ૪૫ |
| ૧૪ | ચર્ચાપત્ર ... ... ... ... ... | ૪૬ |
| ૧૫ | જૈન સોળ સંસ્કાર ... ... ... | ૫૭, ૧૫૨, ૧૭૯ |
| ૧૬ | આપણો વર્તમાન ઇતિહાસ અને ઉદય વિચાર | ૬૪, ૯૨, ૧૦૯ |
| ૧૭ | જૈન સ્રીઓ માટે હરિફાઇનું ઇનામી ભાષણ ... | ૭૨ |
| ૧૮ | ગૃહસ્થ ધર્મ ... ... ... ... | ૭૪, ૯૯, ૧૨૨ |
| ૧૯ | સિદ્ધસારસ્વત કવીશ્વર ધનપાળ. ... | ૮૮, ૧૨૪, ૨૨૦ |
| ૨૦ | ખેદકારક મૃત્યુ... ... ... ... ... | ૯૬ |
| २१ | महा मुनिराज श्री विज्यानंदसूरिकी मीठी प्रसादी. | ९७ |
| ૨૨ | વ્યાપારવિષે પદ ... ... ... ... | ૯૮ |
| ૨૩ | શ્રી વીરવાણી સ્તુતિ ... ... ... ... | ૧૨૧ |
| ૨૪ | અદ્‌ભુત ઉપનય ... | ૧૩૦, ૧૫૮, ૧૭૦, ૨૦૧, ૨૨૪ |
| २५ | हमारी उन्याति क्यों नहीं होती .... .... | १२२ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૬ મીથ્યાત્વી ( હોળી ) અને જૈન... ... ... ૧૪૨
૨૭ વર્તમાન સમાચાર ... ૧૪૩, ૧૬૭, ૧૯૨, ૨૩૯, ૨૬૪, ૨૮૯
૨૮ ક્ષમા અને ક્રોધનો સંવાદ ... ૧૪૬, ૧૭૩, ૨૦૩, ૨૧૮
૨૯ ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની ... ... ૧૪૯, ૧૯૪, ૨૨૭
૩૦ સદ્ભાવના ... ... ... ... ... ૧૬૧
૩૧ પૂજ્ય મુનિરાજો તથા વિવેકી શ્રાવકો પ્રતિ અ-
ગત્યની સુચનાઓ ... ... ... ૧૬૬, ૧૮૨, ૨૧૫
૩૨ સ્ત્રી કેળવણીની આવશ્યકતા... ૧૯૬, ૨૩૬, ૨૫૧, ૨૭૫
३३ उन्नति नः होनेका कारण .... .... .... २०६
૩૪ પરમાધાર્મિકોની વાતો ... ... ... ૨૩૧
૩૫ સાતમી કોન્ફરન્સની તૈયારીઓ. ... ... ૨૪૦
૩૬ ગણધર સ્તુતિ ... ... ... ... ૨૪૧
૩૭ આત્મસ્વરૂપ... ... ... ... ... ૨૪૨
૩૮ સત્ય. ... ... ... ... ... ૨૪૬
૩૯ સાચું સુખ શેમાં સમાયેલું છે? ... ... ૨૪૮, ૨૭૯
૪૦ પ્રબંધમાળા... ... ... ... ... ૨૫૪, ૨૮૨
૪૧ દિક્ષામહોત્સવ ... ... ... ... ૨૫૮
૪૨ સાતમી કોન્ફરન્સનું વિજય ગીત. ... ... ૨૬૫
૪૩ સાતમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ...
અને ચોથી મહિલા પરિષદ્... ... ... ૨૬૬
૪૪ અમારી સભાનો ૧૪ મો વાર્ષિક મહોત્સવ ... ૨૮૮
૪૫ પાલણપુર શ્રી જૈન સંઘમાં થયેલી એકસંપી ... ૨૮૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૪. શ્રાવણ. અંક ૧ લો.

## વર્ષારંભે માંગલ્ય સ્તુતિ.

### प्रभु स्तुति.

आत्मानंदप्रभावेण आत्मानंदविधायिनः ॥
आत्मानंदप्रकाशं नो वितरंतु जिनेश्वराः ॥ १ ॥

આત્માનંદના પ્રભાવથી આત્માને આનંદ આપનારા શ્રી જિનેશ્વર ભગવતો અમોને આત્માનંદનો પ્રકાશ આપો. ૧

### गुरु स्तुति

विजयानंद सूरीणां परिवारः प्रभावकः ॥
आत्मानंदप्रकाशस्य प्रकुर्वंतु प्रभावनाम् ॥ २ ॥

શ્રી વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ ) નો પ્રભાવિક પરિવાર આત્માનંદ પ્રકાશની પ્રભાવના કરો ( તેનો પ્રભાવ વધારો. ) ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आगम स्तुति

### મંદાક્રાંતા.

જે તત્ત્વાર્થે[1] સકલ[2] મતમાં ઉચ્ચતાથી વિકાસે,
સ્યાદ્વાદેથી પ્રગટ થઇને પૂર્ણ રીતે પ્રકાશે;
ગાજે નિત્યે સકલ ભુવને કેશરી[3] તુલ્ય ભારી,
તે સિદ્ધાંતો જિનવર તણાં થાઓ ઉદ્યોતકારી.

# પ્રભુ પ્રાર્થના.

"તીર્થ તણી આશાતના નવ કરીએ" એ રાહ.

શ્રી પ્રભુ નૂતન[4] વર્ષમાં જયકારી,
કરો વિજય વિલાસ;
નિત્ય વધારો સર્વમાં જ્ઞાન[5] ધારી,
આત્માનંદ પ્રકાશ, શ્રી પ્રભુ૦ ૧
મંગલ મૂર્ત્તિ મંગલો[6]દયકારી,
કરો મંગળ નાથ;
મંગળકારક સંઘના સુખકારી,
સદા મંગલ[7] હાથ. શ્રી પ્રભુ૦ ૨
ભારત[8]જૈન સમાજને જય આપો,
થાઓ ધર્મ ઉદ્ધાર;
કોમ સુધારણ કામમાં મતિ[9]પ્રેરો,
થાઓ જય જયકાર. શ્રી પ્રભુ૦ ૩
આગમ[10] ચંદ્ર પ્રકાશથી પ્રગટાવો,
ભવિ[11] કુમુદ વિકાશ;

---

૧ તત્ત્વના અર્થમાં. ૨ સર્વ દર્શનોમાં. ૩ સિંહસમાન. ૪ નવા વર્ષમાં. ૫ જ્ઞાનને ધારણ કરનારા. ૬ મંગળનો ઉદય કરનારા. ૭ જેના હાથમાં મંગલ છે એવા. ૮ જૈન કોન્ફરન્સ. ૯ બુદ્ધિને પ્રેરો. ૧૦ શાસ્ત્રરૂપી ચંદ્રના પ્રકાશથી ૧૧ ભવિજનરૂપી પોયણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપો અભ્યુદય સર્વને સુખકારી,
કરી બોધ પ્રકાશ. શ્રી પ્રભુ૦ ૪
સંઘ ચતુર્વિધ વિશ્વમાં જય પામો,
થાઓ શાંતિ વિલાસ;
ગ્રાહક સઘળા પ્રેમથી અતિ વાંચો,
આત્માનંદ પ્રકાશ. શ્રી પ્રભુ૦ ૫
સૂરીશ વિજયાનંદનો પરિવાર,
કરો સુખદ વિહાર;
બોધ પ્રસારી ભારતે[૧] અતિગાજે,
કરો બહુ ઉપકાર. શ્રી પ્રભુ૦ ૬

# મારૂં નવું વર્ષ.

પ્રિય ગ્રાહક ગણ,

આ જૈનના મંગળમય દિવસે મારો છઠ્ઠા વર્ષમાં પ્રવેશ થાય છે. આપના હસ્ત કમળમાં હસતાં, રમતાં અને ઉછરતાં હું પાંચ વર્ષની આયુષ્ય પસાર કરી આ છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરૂં છું. આજે શિશુ વય માંથી મુક્ત થઇ હું મુગ્ધ વયમાં આવું છું. હું એક નાની વયનું બાળ છું, તથાપિ અબાલના જેવા આચરણ કરવાનું મારામાં સામર્થ્ય શેનું આવ્યું ? તેનો જો આપ વિચાર કરશો તો તમને જણાશે કે એક સ્વર્ગવાસી અને આખા ભારત વર્ષની જૈન પ્રજાના મહોપકારી મહા મુનિ સૂરિશ્વર શ્રી આત્મારામજી મહારાજના પવિત્ર નામની મને મુદ્રા મળી છે. એ નામરૂપ સુશોભિત શૃંગાર ધારણ કરી હું સુશોભિત થયેલ છું. એ મહાનુભાવનો વિદ્વાન્ પરિવાર મને હુલાવે છે, રમાડે છે, અને પ્રેમદૃષ્ટિથી નીહાળે છે.

૧ ભરતખંડમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રિય વાચક વૃંદ,**

આ ગત વર્ષમાં મેં અપૂર્વ આનંદ અનુભવ્યો છે. મારા પરમ પૂજ્ય સ્વર્ગવાસી ગુરૂના પ્રશિષ્ય મહા મુનિ હંસવિજયજી અને પંન્યાસ શ્રી સંપતૂવિજયજી તથા બીજા મુનિઓએ વાસ કરી મારા આનંદદાયક આત્માનન્દ ભુવનને સાર્થક કર્યું છે. સમગ્ર ભારત વર્ષના પવિત્ર સંઘના મને દર્શન થયાં છે. મારા ભાવિક ભક્ત મેમ્બરોએ વિશ્વના સમસ્ત સંઘની સેવામાં અગ્રેસર ભાગ લઇ મારી ધર્મ કીર્તિ પ્રસરાવી છે. ભારત વર્ષની મહા પરિષદૂના પ્રમુખ અને ભાવનગરના સત્કાર મંડલના પ્રમુખને માનપત્ર આપવાનું મોટું માન મને મળ્યું છે. તે શિવાય આર્હત ધર્મના અનેક ઉત્સવો જોવાને હું ભાગ્યશાળી બન્યું છું.

ગત વર્ષમાં મારા પત્રકાર સ્વરૂપનો મેં યથાશક્તિ પ્રકાશ પાડયો છે. વિવિધ છંદો અને મનોહર વૃતો આપી મેં મારા મુખ પૃષ્ટોને અલંકૃત કર્યાં છે. પ્રભુભક્તિ અને ગુરૂભક્તિના ગીતો ગાયાં છે. ધર્મ, નીતિ તથા શ્રાવક સંસારની સુધારણા થાય તેવા વિવિધ વિષયો પ્રગટ કરી મેં મારા બાલસ્વરૂપને ખીલાવ્યું છે. ચિંતામણિ અને બ્રહ્મચર્ય પ્રભાવની કથાઓ પૂર્ણ કરી છે. શુદ્ધ દયા અને અહિંસા, હરિઆળી સજ્ઝાય, નવપદ આરાધન કરવાનો શુદ્ધ હેતુ, શુદ્ધ ધર્મ પ્રતિ ખરી ટેક, મહાવીર પ્રભુની ધર્મદેશના, આત્મનિરીક્ષણ, મોક્ષ માર્ગ, દિવ્ય આદર્શ અને લેશ્યા એવા એવા ધાર્મિક વિષયો આપી અધ્યાત્મ અને ક્રિયાનો માર્ગ મેં દર્શાવ્યો છે. આપણું સામાજિક કર્તવ્ય, મનુષ્ય પરીક્ષા, જૈન કોન્ફરન્સના તત્ત્વો અને આપણો ઉત્કર્ષ—એવા વિષયોથી સાંસારિક ઉન્નતિનું દિગ્દર્શન કરાવ્યું છે. મુનિ હરિકેશબલ અને કવીશ્વર ધનપાલના ચમત્કારી ચરિત્રોથી પૂર્વ પુરૂષોની ધાર્મિક અને સાંસારિક સ્થિતિ દર્શાવી છે. સંસ્કારથી નષ્ટ થતી જૈન પ્રજાને પુનઃ સંસ્કારનું બલ પ્રાપ્ત થાય તેવા હેતુથી જૈન સોળ સંસ્કારનો વિષય મેં હાથ ધર્યો છે. તે શિવાય જૈન કેળવણી અને ધાર્મિક જ્ઞાનના બીજા ઉપયોગી વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષયો આપી અને છઠ્ઠી જૈન કોન્ફરન્સનો સવિસ્તર હેવાલ દર્શાવી મેં મારા સ્વરૂપની ઉપયોગીતા દર્શાવી આપી છે.

પ્રિય પાઠક ગણ, આ પ્રમાણે મારો વાર્ષિક ધાર્મિક હિસાબ તમે તપાસી જુઓ. તમે કેટલે દરજ્જે મારા સ્વરૂપનો લાભ લઇ મનની નિર્મલતા, સમકિતના સ્વરૂપની જ્ઞાતતા, અહિંસા ધર્મની ઉપયોગિતા અને સાધર્મિ બંધુઓની વત્સલતા સંપાદન કરી શકયા છો? તેનો વિચાર કરજો. શુદ્ધ દેવ ગુરૂની ભક્તિ, તપ તથા વ્રતોની આરાધના, અધ્યાત્મ બોધ, જિનાગમનું અનુસરણ, સપ્તક્ષેત્રપોષણ અને તત્વલાભ વગેરે જે શ્રાવક જન્મની સાર્થકતા કરનારા છે તેઓમાંથી તમે ગત વર્ષમાં શું કરી શકયા છો ? તેનો હિસાબ હવે તમારે કરવાનો છે. તેમાં કદી તમે જોઇએ તેટલો લાભ ન મેલવી શકયા હો તો તેનો પશ્ચાત્તાપ કરી હવે પછીના સમયને વાસ્તે તેમ ન થવા દઢતાથી નિશ્ચય કરજો અને આ નવીન વર્ષમાં તમને અધિક લાભ મળે તેવી યોજના કરજો જેથી મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થશે.

છેવટે મારા ઉત્પાદકોને સાંસારિક ઉપાધીને લઇ મારા સ્વરૂપને પ્રગટ કરવાની અવ્યવસ્થા થઇ હોય તેને માટે તમારી ક્ષમા માગુછું અને હવે પછી તેમ ન થવા પ્રવર્તન કરવાની હું ઇચ્છા રાખું છું.

આ મારા પ્રથમ સ્વરૂપમાં પરમ પવિત્ર પર્યુષણ પર્વનો આરંભ થાય છે. એ મહા પર્વને અંગે ચૈત્યપરિપાટી, ગુરૂ વંદન, શાસ્ત્રશ્રવણ, વ્રત, પ્રત્યાખ્યાન, દાન, શીલ, તપ, ભાવના, સામાયિક પ્રતિક્રમણાદી, ખામણાં અને પ્રભાવના વગેરે જેજે કર્તવ્ય છે તેને યથાર્થપણે આચરી મને નવીન વર્ષનું અભિનંદન આપજો; જેથી આ નવીન વર્ષમાં મારી પવિત્ર ફરજ બજાવવાને હું વધારે શકિતમાન થાઉં અને મારા આશ્રય દાયક ગ્રાહક વર્ગના આત્માને મારાથી દિન પ્રતિદિન અધિક આનંદ પ્રાપ્ત થાય કે જેથી મારૂં આત્માનંદ પ્રકાશ એ નામ સાર્થક થાય. વર્તમાન શાસન દેવતા મારા એ મનોરથ પૂર્ણ કરો.

तथास्तु

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક ક્ષેત્ર અને ધાર્મિક કેળવણી.

આપણા પ્રાચીન જૈન મહાત્માઓએ આપણી ઉન્નતિ સતત રક્ષા કરે તેને માટે સાત ક્ષેત્રોની યોજના કરેલી છે. એ સાત ક્ષેત્રોના પોષણથી અને રક્ષણથી આપણી આખી ધર્મ સંસ્થાનો, ચતુર્વિધ સંઘનો, કોમનો અને જ્ઞાતિનો ઉદ્ધાર કરવાની એ યોજના રચેલી છે. સાત ક્ષેત્રોની રક્ષાથી જૈન ધર્મની વ્યવહાર અને નિશ્ચયની સ્વતઃ રક્ષા થઇ જાય છે. વર્તમાન કાલે સાત ક્ષેત્રોની રક્ષાને માટે આપણે ઘણાજ બેદરકાર છીએ. સાતક્ષેત્રોની રક્ષા કેવી રીતે કરવી જોઇએ? એ વાત આપણા જાણવામાંજ નથી. આપણો મોટો ભાગ એટલુંજ સમજે છે કે તે ખાતે દ્રવ્ય અર્પણ કરી જમે કર્યું, એટલે સાત ક્ષેત્રોની રક્ષા થઇ ચુકી. વળી સાતક્ષેત્રોમાં કયા કયા ક્ષેત્રો ઉપયોગી છે? કયા ક્ષેત્રને વિશેષ પોષણ આપવાની જરૂર છે? અને તેને કેવી રીતે પુષ્ટિ આપવી જોઇએ? ઇત્યાદિ કાંઇ પણ પરામર્શ થતો નથી. આપણી કોમમાં હજારો અને લાખો રૂપીઆનો ધાર્મિક કાર્યોમાં વ્યય થાય છે. પણ તે વ્યવસ્થા રહિત હોવાથી આપણે કાર્ય સિદ્ધિમાં વિજયી થતા નથી.

પ્રથમ શ્રાવક ક્ષેત્રને માટે વિચાર કરવાનો છે. એ ક્ષેત્ર ઉપર સર્વ ક્ષેત્રોની ઉન્નતિ રહેલી છે. તેથી તેને સારી પુષ્ટી આપવાની આવશ્યકતા છે. પણ તે વિષે આપણો અનાદર છે. શ્રાવકક્ષેત્રને સુધારવાને માટે મુળથી સુધારણા કરવાની જરૂર છે. જ્યારથી શ્રાવકના જીવનનો આરંભ થાય છે ત્યારથી તેના જીવનનો પાયો મજબૂત કરવાની જરૂર છે. પ્રથમ તેને ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ, અને તે સાથે વ્યવહારિક કેળવણી મિશ્રિત કરવી જોઇએ. ભાષાજ્ઞાન, વેપારની બાબતને લગતું જ્ઞાન અથવા તો કળાકૌશલ્યને લગતા જ્ઞાનની સાથો સાથ ધર્મની કેળવણી કે જે માણસની નીતિ સુધારે છે, તે આપવી જોઇએ. કેટલાએક ધર્મશિક્ષણ ઉપર એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આક્ષેપ લાવે છે કે, એ શિક્ષણ માણસને વ્યવહારમાં અકુશલ તથા ધર્મઘેલા બનાવી મુકે છે. આના જવાબમાં પ્હેલાં તો કોઇ એક વિદ્વાનનો આપણે અભિપ્રાય માગીશું તો તે કહેશે કે "પૂર્વના પુરૂષો વ્યવહાર કુશલ હતા, તે સાથે ધર્મનિષ્ટ અને અને શ્રદ્ધાવાન્ પણ હતા. આધુનિક સમયમાં ઘણા ખરા મનુષ્યો એવો અભિપ્રાય દર્શાવે છે કે ધાર્મિક કેળવણીથી જોઇએ તેવી વ્યવહાર કુશલતા આવી શકતી નથી. ધર્મના વિવિધ સ્વરૂપોની કેળવણી કે શિક્ષણથીજ વ્યવહાર મૂર્ખ અને ધર્મઘેલા મનુષ્યો થાય છે, થયા છે અને થશે. જ્ઞાન શક્તિ, ક્રિયા શક્તિ અને દ્રવ્ય શક્તિને એક સરખી રીતે ઉપકારી થઇ માનવ જીવનની ઉન્નતિનાં અંતિમ ફલની પ્રાપ્તિ પર્યંત જાગ્રત રાખનાર જૈન ધાર્મિક શિક્ષણ કદિપણ એવાં ઘેલડાં કે કાયર મનુષ્યો બનાવતું નહતું. તે પૂર્વ કાલના અને આધુનિક સમયના ઇતિહાસનો મુકાબલો કરતાં સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. એ પ્રાચીન જૈન પદ્ધતિના જે અંશો આપણી જૈન પ્રજાના શિક્ષણમાં જેટલે અંશે હતા, તેટલે અંશે તે તે સમયે આપણી જૈન પ્રજાનો અન્ય ધર્મી પ્રજા ઉપર પ્રતાપ પડતો હતો. અને જેટલે અંશે એ અંશો આપણાં જૈન બાળકોની કેળવણીમાંથી ઓછા થતા જાય છે તેટલે અંશે આપણી પ્રજા ધર્માભિમાન રહીત, પેટભરી, અંજાઇ જનારી, ભ્રમિત અને ભ્રષ્ટ થતી જાય છે.

વળી કેટલાએક કહે છે કે, આપણે દૈવાનુયાયી એટલે ભાગ્યને માનનારા છીએ, તેથી આપણે પુરૂષાર્થ કરતા નથી. એ બાબતમાં કેટલું સત્ય છે તે આપણે જોઇએ. અગર જો કે આ બાબત મનુષ્ય સ્વભાવથી તદન ઉલટી છે, કારણ કે હમેશા આપણે જે સ્થિતિની અંદર હોઇએ, તે સ્થિતિ કરતાં ઉચ્ચ સ્થિતિમાં હોવાનું આપણે ઇચ્છીએ છિએ; અને જ્યારે આપણે ઉચ્ચ સ્થિતિમાં હોવાનું ઇચ્છીએ, ત્યારે તે સ્થિતિ પ્રાપ્ત કરવા આપણે સામાન્ય રીતે યત્ન કરીશુંજ. પણ તકરારને ખાતર કબુલ રાખો કે, આપણે પુરૂષાર્થ કરતા નથી, છતાં એમ શામાટે અથવા કયા પ્રમાણોથી કહી શકીશું કે, આપણું આલસ્ય ધર્મને લીધેજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદિ ધર્મ ઉપર આક્ષેપ કરનારા લોકો એમ ધારે છે કે, આ ભૂલ ધર્મનીજ છે; ત્યારે તેઓ પોતે તો પુરૂષાર્થ કરતાજ હશે, અને દેશનો અભ્યુદય કરવા ભગીરથ યત્નો તેઓ તો કરતા હશેજ. જ્યારે આપણે તેઓ તરફ જોઇએ છીએ, ત્યારે આપણને માલમ પડે છે કે, તેઓ દેશની કે કોમની ઊન્નતિ કરવાને બદલે પોતાનો સ્વાર્થ સાધવામાં તત્પર થઇ મચ્યા રહે છે. અને પોતાના દેશની કે પોતાની કોમની ઉન્નતિની વાત કોણ જાણે કયા ખૂણામા ફેંકી દે છે. તે ઉપરથી આપણે કહી શકીશું કે, આ ભૂલ માત્ર ધર્મની નથી; અને જે આક્ષેપ તેઓ ધર્મ ઉપર મુકે છે, તે આક્ષેપમાં સત્યનો અંશ લેશ માત્ર પણ નથી. જો આ ભૂલ ધર્મની હોત તો જે વખતે આપણા આર્ય દેશમાં આર્હત ધર્મની પવિત્ર ભાવનાનો ઊત્કર્ષ હતો. અને આ ધર્મની ભાવનાને દરેક જૈન ભાવતો હતો, ત્યારે આપણો બધો દેશ નિરૂદ્યમી બની ગયો હોવો જોઇએ અને સર્વે ધર્મ ઘેલા બની ગયેલા હોવા જોઇએ. પણ શું આવું પરિણામ આવ્યું હતું ? ખરેખર નહિજ. તે વખતે આપણી જૈન પ્રજા ઉલટી ઊન્નતિમાં હતી. આપણા જૈન વર્ગનો વેપાર તથા તેની સમૃદ્ધિ કેવી હતી તે આપણા ચરિતાનુયોગના ગ્રંથો ઉપરથી આપણે જોઇ શકીએ છીએ. અને આ જોવાથી એ આક્ષેપ કેટલો બધો અસત્ય છે, તે આપણે વિચારવાનું છે. બીજા કેટલાકો ધર્મની સાથે વાંધો લાવે છે કે, આપણો ધર્મ માણસને સત્વ વિનાનો અને શૌર્ય વગરનો બનાવી મુકે છે, પણ જેઓએ ઉપલક નજરે પણ શાસ્ત્રો જોયા હશે અને સાંભળ્યા હશે, તેઓને તુરત ખાત્રી થશે કે, આ આક્ષેપમાં સત્યનો લેશ પણ અંશ નથી. કારણ કે જો આ આક્ષેપ સત્ય હોય તો આપણામાં ચક્રવર્તીઓ અને પાંડવ ચરિત્રમાં વર્ણવેલા પ્રખ્યાત યોદ્ધાઓ ઊત્પન્ન થયા ન હોત. જે ધર્મે અર્જુન ભીલ અને બાહુબલિ જેવા યોદ્ધાઓ, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, અને જંબૂસ્વામી જેવા યોગીશ્વરો, રામ જેવા એકવચની પુરૂષો, શ્રીચંદ, શ્રેયાંસ કુમાર અને સુદર્શન શેઠ જેવા વ્રતધારી પુરૂષો, અભય કુમાર મંત્રી જેવા રાજનીતિજ્ઞ પુરૂષો, ઇલાચી પુત્ર, ચિલાતી પુત્ર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનદેવ અને ધનમિત્ર જેવા પરોપકારી પુરૂષો, અને સુલસા, ચંદનબાલા, સીતા, પ્રમુખના જેવી પવિત્ર સતીઓ; શ્રીયશોવિજયજી તથા હેમચંદ્રાચાર્ય જેવા શાસ્ત્રકારો અને વાગ્ભટ જેવા કવિઓને જન્મ આપેલા છે, તે ધર્મ કેવો મહાન્ હશે? તેવા આ પવિત્ર ધર્મ ઉપર કોઇ પણ જાતનો આક્ષેપ લાવ્યાં પહેલાં પુખ્ત વિચાર કરવાની જરૂર છે. કોઇપણ માણસ એવો નહિજ હોય કે જે આપણાં મહાન્ નરોના ચરિત્રો વાંચ્યા પછી આપણા ધર્મ ઉપર આક્ષેપ કરવાની હિંમત કરી શકે.

આથી દરેક શ્રાવક માબાપોની ફરજ છે કે, તેમણે પોતાના બાળકોને આપણા પ્રાચીન ધાર્મિક પુરૂષોનાં ચરિત્રોનું બાલ્ય વય થીજ શિક્ષણ આપવું જોઇએ, કે જેથી જ્યારે તેઓ પુખ્ત વયે પહોંચે, ત્યારે પોતાના આર્હત ધર્મ ઉપર તેઓનો દ્રઢ પ્રેમ બંધાય અને બીજા ધર્મો કરતાં પોતાનો જૈન ધર્મ કેવો ઉચ્ચ છે તે તેઓ જાણી શકે. ધાર્મિક શિક્ષણના પ્રભાવથી મનુષ્ય કેટલું કરી શકે છે તેના હજારો દાખલા આપણા પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસમાં પ્રખ્યાત છે. જો આપણા બાળકોને બચપણથી ચરિતાનુયોગના ઉત્તમ ગ્રંથો વાંચવાનો તથા સાંભળવાનો શોખ હોય, તો તેમાં આવતાં ધાર્મિક ધર્મ વીર પુરૂષોના ચરિત્રો સાંભળીને તેમનું અનુકરણ કરવાને તેમને વારંવાર સ્ફૂરણા થઇ આવે છે, અને તેથી કરીને તેઓ આખરે ધર્મવીર તથા સંઘ સુધારક બને છે. આ ઉપરથી આપણે જાણી શકીશું કે ધાર્મિક શિક્ષણથી અનેક પ્રકારના લાભ મળે છે. આપણી ધર્મ ભાવના ગચ્છોની સમાચારીથી અનેક પ્રકારે વેહેંચાએલી છે. તેથી આપણે તે વિષે પરસ્પર દ્વેષ બુદ્ધિ નહિ રાખતાં સંપ રાખવાની જરૂર છે. આપણા ગચ્છોની સમાચારી ક્રિયાવર્ગમાં જુદી લાગે છે. પણ તત્ત્વ માર્ગમાં તો એકજ છે. જો આપણને બરાબર ધર્મ શિક્ષણ મલશે, તો આપણામાં તત્ત્વ માર્ગનો પ્રકાશ થઇ શકશે અને પછી આપણે કોઈ પણ સમાચારીની નિંદા કે પક્ષપાત કરીશું નહિ. તેથી ધર્મનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણ આપણો ભ્રાતૃ ભાવ વધારશે એ ભ્રાતૃ ભાવ આપણે ધર્મથી રાખી શકીએ, તેથી કરીને ધર્મ શિક્ષણ એ આપણી કોમની ઉન્નતિ ને માટે બહુજ આવશ્યક છે. એ શિક્ષણ આપવાની આર્ય માબાપોની સૌથી પહેલી મુખ્ય ફરજ છે. જેઓ એ ફરજ બજાવવામાં પછાત રહે છે, તેઓ ધર્મ તથા કોમને માટે અભિમાન નથી ધરાવતા એમ આપણે કહી શકીશું. છેવટે આપણે આપણાજૈન શાસનના અધિષ્ઠાયકની પ્રાર્થના કરીશું કે દરેક જૈન માતપિતા પોતાની આ ફરજ સમજીને પોતાના બાલકોને ધર્મ શિક્ષણ આપવા યત્ન કરે અને આપણી જૈન કોમ કે જે પૂર્વે ઉચ્ચ પદવીએ પહોંચી હતી તે તે સ્થીતિ પ્રાપ્ત કરવાને સમર્થ થાય. (અપૂર્ણ)

# યુવાન વર્ગને બોધ.

વર્તમાન કાલનો પ્રવાહ જુદાજ પ્રકારમાં વહે છે. વિદેશી યંત્ર કળાના પ્રભાવથી નવી નવી ઉપભોગની વસ્તુઓ પ્રતિદિન નવા નવા સ્વરૂપે પ્રગટ થતી જાય છે. ખાનપાન, રમત ગમત અને બીજા સાંસારિક વિષયોના સાધનો શ્રેણી બંધ પ્રગટ થતાં જાય છે. આવા બારીક વખતમાં નવીન શિક્ષા પામેલા તરૂણ શ્રાવકોએ બહુજ વિચારવા જેવું છે. પોતાને પ્રાપ્ત થયેલા તારૂણ્યનો ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ, પોતાનો વ્યવહાર માર્ગ કેવી રીતે સુધારવો જોઇએ અને પોતાને પ્રાપ્ત થયેલીદ્રવ્ય સંપત્તિનો ઉપયોગ કેવે પ્રકારે કરવો જોઇએ. આ મહાન્ પ્રશ્નો ઉપર સર્વ તરૂણોએ હૃદયમાં મનન કરવાનું છે. આજ કાલના તરૂણો ખાનપાનના વિષયમાં વિપરીતપણે પ્રવૃત્તિ કરતા જોવામાં આવે છે. ચા, કાફી, ઉકાળા તથા બીડી પીવાના વૃદ્ધિગત થતા વ્યસનો ઉપર વિશેષ આસક્તિ થતી જાય છે. તે વ્યસનોથી શારિરિક અને આર્થિક બંને પ્રકારની હાનિ થાય છે; તેથી એવા વ્યસનોથી આપણા તરૂણોએ દૂર રહેવું જોઇએ. તેમાં ખાસ કરીને બીડી પીવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યસન શ્રાવક વર્ગને ધર્મ વિરૂદ્ધ છે. શ્રાવકના આચારને પાળનારા પુરૂષે ધૂમ્રપાન ન કરવું જોઇએ. એ દુર્વ્યસન સેવવાથી આચારે ભ્રષ્ટ થવાય છે. કારણ કે, ધૂમ્ર પાનથી હૃદયના બલની હાનિ થવાથી બુદ્ધિતત્ત્વનો નાશ થાય છે. જે હૃદયમાંથી પરમેષ્ટી મંત્ર તથા આર્હત પ્રભુના સ્તવનો નીકળવા જોઇએ, તે હૃદયને ધૂમ્ર પાનથી મલિન કરવું અને તેમાંથી ધૂમાડાના ઉદ્ગાર પ્રગટ કરવા, એ કેવું લજ્જાસ્પદ છે? તેમ વળી આવા વ્યસનને સેવવાથી દ્રવ્ય વ્યયની સાથે શરીરનો વ્યય પણ થાય છે, તેથી આપણા તરૂણ વર્ગે ખાનપાન સંબંધી વ્યસનોમાં ઘણો વિચાર કરવાનો છે.

આજકાલ નવીન વિદ્યાના સંસ્કારથી આપણા યુવાનો ઉદ્ભટ વેષને ધારણ કરવા લાગ્યા છે, તે પણ માર્ગાનુસારી શ્રાવક ધર્માનુસારી શ્રાવક ધર્મથી તદન વિરૂદ્ધ છે. જો કે દેશ કાલને લઇને કેટલીએક વેષની નવીન પદ્ધતિ ધારણ કરવાની આવશ્યકતા લાગે છે, તથાપિ તે મર્યાદામાં હોવી જોઇએ.

મર્યાદાનું ઉલ્લંઘન કરી વેષ ધારણ કરવો એ આર્યનીતિ રીતિથી તદન ઉલટું છે. તેવો ઉદ્ભટ વેષ ધારણ કરવાથી દ્રવ્યના વ્યયની સાથે પ્રતિષ્ઠાનો વ્યય પણ થાય છે.

સાંપ્રતકાલે કેટલાએક યુવાનો નવીન વિદ્યાના સંસ્કારથી ઉદ્ભટવેષ ધારણ કરનારા જોવામાં આવે છે. તે કોટ, પાટલુન, ટોપી અને જાકીટ વગેરે વિદેશી વેષને ધારણ કરે છે. મસ્તકપર કેશની વિચિત્ર શોભા રખાવે છે અને બીજી યવન રીતિને પૂર્ણતાથી અનુસરે છે. ઘણાં દ્રવ્યના વ્યયથી રચવામાં આવેલા અને આર્ય રીતિનું ઉલ્લંઘન કરનારા તરૂણોએ ઘણોજ વિચાર કરવાનો છે. તેમણે દીર્ઘ વિચાર કરી જાણવું જોઇએ કે, જે વેષ આર્ય પદ્ધતિને ઉલ્લંઘન કરનારો અને અનાર્ય આચારને દર્શાવનારો છે, તેવો ઉદ્ભટ વેષ શામાટે તેમણે ધારણ કરવો જોઇએ? ખાનપાન અને વેષના મોજશોખમાં દ્રવ્યનો વ્યર્થ વ્યય કરનારા તરૂણોએ પોતાના હૃદયમાં વિચારવું જોઇએ કે મોજશોખને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દિષ્ટ કરવા ઉપરાંત તેમનું આ લોકમાં કાંઇ વિશેષ કર્ત્તવ્ય છે કે નહિ ? અને પોતાની આસપાસ પોતાના દુઃખી સાધર્મિ ભાઇઓને જોઇ શકે છે કે નહિ ? એ ગરીબ પ્રાણીઓ તેમની શુભેચ્છા કે ઉદાર વૃત્તિ ઉપર દાવો કરી શકે છે કે નહિં ? આ પ્રશ્નોનું મનન કરી આ વર્ગે વર્તમાનકાળે ચાલતી ઉચ્છૃંખલવૃત્તિ દૂર કરવી જોઇએ. સ્વાર્થવૃત્તિને વશ થયેલા લોકોએ જે પાપાચાર ગ્રહણ કરેલો છે, તેનો આ યુવાનોએ ત્યાગ કરવો જોઇએ. કોઇપણ યોગ્ય માર્ગે દ્રવ્યાદિક સાધનોનો ઉપયોગ કરવો જોઇએ. જો આપણા યુવાનો પોતાના ધર્મનાં આદ્ય આચારને માનઆપી પરોપકાર તથા પુણ્યરૂપ કાર્યોમાં પોતાના જ્ઞાનનો તથા દ્રવ્યનો ઉપયોગ કરેતો તેમના જીવિતનું અને જીવિતમાં કરેલા શ્રમનું સાફલ્ય થાશે. પણ આજકાલ કેટલાક તરૂણો અહંકારી અને પંડિતમાની થયેલા જોવામાં આવે છે. તે તેમની ઉદ્ધતાઇની વૃદ્ધિનું કારણ થાય છે. એ અનાચાર રૂપ અવિનયથી એમણે દૂર રહેવું જોઇએ. આર્હત ધર્મના અનુયાયીઓ નો પૂર્વાચાર વિનયથી અલંકૃત છે, અને તેથી આર્હત ધર્મ વિનયમૂલ કહેવાય છે. વિનયના પ્રભાવથી એ ધર્મની મહત્તા કહેવાય છે. એવા વિનયનો ત્યાગ કરી અહંવૃત્તિથી પંડિત માની થઇ બેસવું એ આર્હત ધર્મથી વિરૂદ્ધ છે. પંડિત મન્યતાને ધારણ કરનારા યુંવાનો પોતાને વિશેષ જ્ઞાન સંપાદન કરવાના દ્વારને બંધ કરે છે અને સદા અલ્પજ્ઞાની રહી જ્ઞાનાનંદના પ્રભાવથી વિમુખ રહે છે.

કેટલાએક તરૂણો વિદ્વત્તાનો અને ધનાઢયતાનો ફાંકોરાખી પોતાના સાધર્મિ બંધુઓ તરફ અનાદર દર્શાવે છે તેઓએ પોતાના હૃદયમાં દીર્ઘ વિચાર કરવાનો છે. તેમણે જાણવું જોઇએકે દરેક મનુષ્ય વિદ્વાન્ અને ધનાઢય થઇ શકતો નથી. વિદ્યા અને ધન એ પૂર્વ પુણ્યના પ્રભાવના ફલ છે. માટે પોતાના આત્માને અહંકારી કરી બીજા અવિદ્વાન્ અને નિર્ધન તરફ અભાવ બતાવવો એ સર્વ રીતે અનુચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ કાલ કેટલાએક તરૂણો પોતાના વડિલ તરફ અણગમો બતાવે છે, તેઓને મૂર્ખ અને અજ્ઞાની ગણે છે અને તેમની આજ્ઞા અને મર્યાદાનું ઉલ્લંઘન કરતા જોવામાં આવે છે, આ તેમની પદ્ધતિ નિંદવા યોગ્ય છે. ગુરૂજન તરફ પૂજ્ય ભાવ રાખવો જોઇએ. શ્રાવક ધર્મના આચારમાં વડિલ જનને માન આપવાનું અને તેમની તરફ પૂજય ભાવ રાખવાનું કહેલું છે. તે આચારના પ્રરૂપકો એટલે સુધી લખે છે કે વડિલ જનનો અવિનય કરનારો શ્રાવક તેના ધર્મ અને કર્તવ્યથી વિમુખ છે. આ મહા વાકય ઉપર દરેક તરૂણ શ્રાવકે વિચાર કરવાનો છે. ગુરૂ જનને માન આપવુ તે શ્રાવકાચારમાં પ્રધાન છે.

બીજું યુવાન વર્ગે પોતાની વિવાહિત સ્ત્રીની સાથે કેમ વર્તવું જોઇએ એ વિષે પૂર્ણ વિચાર કરવાનો છે. એક ભરથાર તરીકે તમારી વર્તણુક તમારા ભવિષ્યના સુખ ઉપર મોટી અસર કરી શકેછે. તમે તમારા ગૃહસ્થાશ્રમનો જે રીતે આરંભ કરશો તે ઉપર તમારા સુખ કે દુઃખનો આધાર છે. એમ ધારોકે, ગૃહિણી તરીકે તમોને એક સારી સ્ત્રી સાંપડેલીછે પણ, આ વાત પણ તમારે ધ્યાનમાં રાખવી જોઇએ કે, નબલા, ક્રૂર અને ઉડાઉ ધણીથી એક નબળી સ્ત્રી એક ખરે ખર ખરાબ ભાર્યા અને નઠારી માતા નીવડે છે. જાતિ સ્વભાવ ઉપરાંત સ્ત્રીમાં વિશેષ જે કાંઇ ગુણકે અવગુણ થાયછે, તેનો આધાર તેના ધણીના સારાં કે નઠારાં વર્તન ઉપર રહે છે. સંક્ષેપમાં કહેવાનુંકે, તરત વિવાહિત થઇને આવેલી નવ વધૂ સારીકે નઠારી નીવડવાનો મોટો આધાર તેના યુવાન પતિની ચાલ અને આવડત ઉપર રહેલોછે. દરેક તરૂણ શ્રાવકજો સમજી શકેતો આ થોડા શબ્દોમાં ઘણા મોટા અર્થનો સમાવેશ થાયછે.

સાંપ્રતકાલે કોઇ કોઇ યુવાનોનું વર્તન પોતાની સ્ત્રી તરફ વિલક્ષણ જોવામાં આવે છે. કેટલાએક સ્ત્રી સદ્ગુણી છતાં તેને ધિક્કારેછે, કોઇ તેણીને કારાગૃહની જેમ ઘરમાં રાખવા ઇચ્છા રાખેછે, કોઇ ઘણી છુટ આપી આર્ય નીતિ રીતિ મર્યાદાનું ઉલ્લં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન કરેછે, આપ્રવર્તન ઘણુંજ નિંદનીયછે. તેથી યુવાન શ્રાવકોએ તેવા પ્રવર્તનનો ત્યાગ કરવો જોઇએ. જો શ્રાવક સંસારમાં સુખી થવું હોય, શ્રાવક જીવનની ઉપયોગિતા સાચવવી હોય અને ખરેખર શુદ્ધ માર્ગાનુસારી થવું હોયતો એમણે પોતાની અધાંગનાની સાથે ઉત્તમ વર્તન રાખવાનું છે. કારણ કે, ગૃહ શકટની એક ધુરાને વહન કરનારી સ્ત્રી તરફ ઉપેક્ષા રાખવામાં આવેતો ગૃહ શકટ અટકી પડવાનું અને તેથી આપણો એ વર્ગ યાવજજીવિત દુઃખી થવાનો.

અપૂર્ણ

---

# ધર્મ રત્નની પ્રાપ્તિને માટે અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય ગુણો.

## ( ધર્મની ખરી કુંચી. )

જેમ ચિંતામણિ રત્ન ભાગ્ય હીન જીવોને મળવું મુશ્કેલ છે તેમ અક્ષુદ્રતાદિક ઉત્તમ ગુણ રહિત જનોને પણ ધર્મ રત્ન મળવું બહુ મુશ્કેલજ છે. અક્ષુદ્રતાદિક એકવીશ ગુણોવડે યુકત જીવને જિન મતમાં ધર્મ રત્નને યોગ્ય કહેલો છે. માટે તે ગુણોને ઉપાર્જવા ધર્માભિલાષી જનોએ જરૂર યત્ન કરવો ઘટે છે. ઉક્ત વાતનું સમર્થન કરતા છતાં શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આ પ્રમાણે કહે છે,

" એકવીશ ગુણ પરિણમે, જાસ ચિત્ત નિત્યમેવ.
ધર્મ રત્નકી યોગ્યતા, તાસ કહે તું દેવ. " १

ઉક્ત એકવિશ ગુણોની નોંધ આ પ્રમાણે પદ્યમાં આપેલ છે કે,—

" ક્ષુદ્ર નહિં વળી રૂપનિધિ, સૌમ્ય જનપ્રિય ધન્ન;
ક્રૂર નહિં ભીરૂ વળી, અશઠ સુદક્ખિન્ન.
લજ્જાલ્લુઓ દયાળુઓ, સોમ દિઠ્ઠિ મજ્જથ્થ;
ગુણ રાગી સત્કથ્થ, સુવખ્ખ દીર્ઘદર્શી અથ્થ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષજ્ઞ વૃદ્ધાનુગત, વિનયવંત કૃત જાણ;
પરહિતકારી લબ્ધલક્ષ, એમ એકવીશ પ્રમાણ. ૪

ગુણ ગુણીનો કથંચિત્ અભેદસંબંધ હોવાથીજ ઉપર ગુણને બદલે ગુણોનું નિરૂપણ કર્યું છે. અર્થાત્ ધર્મરત્નને યોગ્ય આવા ગુણી થવુંજ જોઈએ. કેવા ગુણી થવું જોઇએ ? તેનું ઉપર મુજબ પ્રથમ સંક્ષિપ્ત વર્ણન કરીને પછી કંઈક તે સંબંધી વિશેષ વર્ણન કરવાને બનતો પ્રયત્ન કરશું.

૧ ક્ષુદ્ર નહિં એટલે અક્ષુદ્ર, ગંભીર આશયવાળો, સૂક્ષ્મ રીતે વસ્તુતત્ત્વનો વિચાર કરવાને શકિત ધરાવનાર સમર્થ જીવ વિશેષ ધર્મ રત્નને પામી શકે.

૨ રૂપનિધિ એટલે પ્રશસ્ત રૂપવાળો, પાંચે ઇંદ્રિયો જેને સ્પષ્ટ રીતે પ્રાપ્ત થયેલ છે એવો અર્થાત્ શરીર સંબંધી સુંદર આકૃતિને ધારનાર આત્મા.

૩ સૌમ્ય એટલે સ્વભાવેજ પાપ દોષ રહિત, શીતળ સ્વભાવવાન્ આત્મા.

૪ જન પ્રિય એટલે સદાચારને સેવનાર લોક પ્રિય આત્મા

૫ ક્રૂર નહિં એટલે ક્રૂરતા યા નિષ્ઠૂરતાવડે જેનું મન મલીન થયું નથી એવો અકિલષ્ટ યાને પ્રસન્ન ચિત્ત યુક્ત શાંત આત્મા.

૬ ભીરૂ એટલે આલોક સંબંધી તથા પરલોક સંબંધી અપાયથી ડરવાવાળો અર્થાત્ અપવાદ ભીરૂ તેમજ પાપભીરૂ હોવાથી બધી રીતે સંભાળીને ચાલનાર, ઉભય લોક વિરૂદ્ધ કાર્યનો અવશ્ય પરિહાર કરનાર.

૭ અશઠ એટલે છળ પ્રપંચવડે પરને પાસમાં નાખવાથી દૂર રહેનાર.

૮ સુદખિન્ન એટલે શુભ દાક્ષિણ્યતાવંત, ઉચિત પ્રાર્થનાનો ભંગ નહિં કરવાવાળો, સમય ઉચિતવર્તી સામાનું દીલ પ્રસન્ન કરનાર.

૯ લજ્જાળુઓ એટલે લજ્જાશીલ, અકાર્ય વર્જી સત્કાર્યમાં સહેજે જોડાઇ શકે એવો મર્યાદાશીલ પુરૂષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ દયાલુઓ એટલે સર્વ કોઇ પ્રાણી વર્ગ ઉપર અનુકંપા રાખનાર.

૧૧ સોમદિઠ્ઠિ-મઝ્ઝથ્થ એટલે રાગ દ્વેષ રહિત નિષ્પક્ષપાતપણે વસ્તુ તત્ત્વને યથાર્થ રીતે ઓળખી મધ્યસ્થતાથી દોષને દૂર કરનાર.

૧૨ ગુણરાગી એટલે સદ્‌ગુણીનોજ પક્ષ કરનાર, ગુણનોજ પક્ષ લેનાર.

૧૩ સત્કથ્થ એટલે એકાંત હિતકારી એવી ધર્મ કથા જેને પ્રિય છે એવો.

૧૪ સુપખ્ખ એટલે સુશીલ અને સાનુકૂળ છે કુટુંબ જેનું એવો જાડાબળિયો.

૧૫ દીર્ઘદર્શી એટલે પ્રથમથી સારી રીતે વિચાર કરીને પરિણામે જેમાં લાભ સમાયો હોય એવા શુભ કાર્યનેજ કરવાવાળો.

૧૬ વિશેષજ્ઞ એટલે પક્ષપાત રહિતપણે ગુણ દોષ, હિત અહિત, કાર્ય અકાર્ય, ઉચિત અનુચિત, ભક્ષ્ય અભક્ષ્ય, પેય અપેય, ગમ્ય અગમ્ય વિગેરે વિશેષ વાતનો જાણ.

૧૭ વૃદ્ધાનુગત એટલે પરિપકવ બુદ્ધિવાળા અનુભવી પુરૂષોને અનુસાર ચાલનાર, નહિં કે જેમ આવ્યું તેમ ઉચ્છૃંખલપણે ઇચ્છા મુજબ કામ કરનાર.

૧૮ વિનયવંત એટલે ગુણાધિકનું ઉચિત ગૌરવ સાચવનાર સુવિનીત.

૧૯ કૃતજાણ એટલે બીજાએ કરેલા ગુણને કદાપિ નહિં વિસરી જનારા.

૨૦ પરહિતકારી એટલે સ્વતઃ સ્વાર્થ વિના પરોપકાર કરવામાં તત્પર. દાક્ષિણ્યતાવંત તો જ્યારે તેને કોઈ પ્રેરણા અથવા પ્રાર્થના કરે ત્યારે પરોપકાર કરે અને આતો પોતાના આત્માનીજ પ્રેરણાથી સ્વકર્તવ્ય સમજીનેજ કોઈની કંઇપણ અપેક્ષા રાખ્યા વિનાજ પરોપકાર ર્ક્યા કરે એવા ઉત્તમ સ્વભાવને સ્વભાવિક રીતે ધારનાર ભવ્ય.

૨૧ લબ્ધલક્ષ્ય એટલે કોઇપણ કાર્યને સુખે સાધી શકે એવો કાર્ય દક્ષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ઉપર કહેલા ૨૧ ગુણોનું કાંઈક સહેતુક વ્યાન કરવાનો ઉપક્રમ કરવામાં આવેછે. જેમ શુદ્ધ કરાવેલા વસ્ત્ર ઉપરજ રંગ જોઈયે એવો બરાબર ચઢી શકેછે પરંતુ અશુદ્ધ એવા મલિન વસ્ત્ર ઉપર રંગ ચઢી શકતો નથી તેમજ ઉપર કહેલા ગુણ વિનાના મલિન આત્માને ધર્મનો રંગ લાગતોજ નથી. ઉપર કહેલા ગુણોવડે વિશુદ્ધ થયેલા આત્માનેજ ધર્મનો રંગ ચઢેછે. વળી જેમ ખડબચડી[1] અને પાલીસ કર્યા વિનાની[2] ભીંત ઉપર ચિત્ર આબેહુબ ઉઠતું નથી પરંતુ ઘઠારી મઠારીને સાફ કરેલી સરખી ભીંત ઉપર ચિત્ર જોઇએ એવું આબેહુબ ઉઠી નીકળે છે તેમ ઉપર કહેલા ગુણોના સંસ્કાર વિનાના અસંસ્કૃત હૃદય ઉપર ધર્મનું ચિત્ર બરાબર પડી શકતું નથી પણ ઉકત ગુણોથી સંસ્કારિત હૃદય ઉપર સત્ય ધર્મનું ચિત્ર બરાબર ખીલી ઉઠેછે. ઉક્ત ગુણોની પ્રાપ્તિદ્વારા ભવ્ય આત્મા સત્ય ધર્મનો ઉત્તમોત્તમ લાભ પામી શકેછે એથી ઉપર કહેલા સદ્ગુણોનો ખાસ અભ્યાસ કરવાની અત્યાવશ્યકતા સ્વતઃ સિદ્ધ થાયછે, અને તેથીજ તે ગુણ સંબંધી બની શકે તેટલી સમજ લેવી પણ જરૂરની છે. એમાંજ જીવનું ખરૂં હિત સમાએલું છે.

૧ ક્ષુદ્ર સ્વભાવવાળો અગંભીર અને ઉછાંછળો હોવાથી ધર્મને સાધી શકતો નથી. તે નથી કરી શકતો સ્વહિત કે નથી કરી શકતો પરહિત. સ્વપર હિત સાધવાની તેનામાં યોગ્યતાજ નથી. તેથી સ્વપર હિત સાધવાને અક્ષુદ્ર સ્વભાવી એવો ગંભીર અને ઠરેલ પ્રકૃતિવાળોજ યોગ્ય અને સમર્થ હોઇ શકે છે.

૨ હીન અંગોપાંગવાળો, નબળા સંઘયણવાળો, તથા ઇંદ્રિયોમાં ખોડવાળો સ્વપરહિત સાધવાને અસમર્થ હોવાથી ધર્મને અયોગ્ય કહ્યો છે. કેમકે ધર્મ સાધવામાં તેની ખાસ અપેક્ષા રહે છે. તે વિના ધર્મ સાધનમાં ઘણીજ અડચણ આવે છે, તેથી સંપૂર્ણ અંગોપાગવાળો, પાંચે ઇંદ્રિય પૂરેપૂરી પામેલો અને ઉત્તમ સંઘયણ વાળો સુંદર આકૃતિવંત પ્રાણી ધર્મને યોગ્ય કહ્યો છે. એવી શુભ

---

૧ Rough ( ૨૬ ) ૨ Unholished

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામગ્રીવાળો જીવ શાસનની શોભા વધારી શકે છે અને સર્વજ્ઞ ભગવાને ભાખેલા ધર્મને સમ્યક પાળી શકે છે.

૩ પ્રકૃતિથીજ શાંત સ્વભાવવાળો જીવ પ્રાયઃ પાપ કર્મમાં પ્રવૃત્તિ કરતોજ નથી, અને સુખે સમાગમ કરી શકાય એવા શીળા સ્વભાવને લીધે અન્ય આકળા જીવોને પણ સમાધિનું કારણ થઇ શકે છે. અર્થાત્ આકરી પ્રકૃતિવાળા પણ, શીળા સ્વભાવવાળા સજ્જનોના સમાગમથી ઠંડી પ્રકૃતિના થઇ જાય છે. તેથી ઠંડી પ્રકૃતિવાળા પ્રાણી સુખે સ્વપરહિત સાધી શકે છે પરંતુ આકળી પ્રકૃતિવાળા તેમ કરવાને અસમર્થ હોવાથી ધર્મ સાધવાને અયોગ્ય કહ્યા છે.

૪ દાન વિનય અને નિર્મળ આચારને સેવનાર માણસ સર્વ જનોને પ્રિય હોઇ શકે છે, અને તે આ લોક વિરૂદ્ધ તથા પરલોક વિરૂદ્ધ કાર્યને સ્વભાવિક રીતેજ તજનાર હોવાથી સમ્યગ્ દ્રષ્ટિ જીવોને પણ મોક્ષ માર્ગમાં બહુમાન ઉપજાવનાર થઇ પડે છે. સદાચાર સેવી લોકપ્રિય પુરૂષ પોતાની પવિત્ર કહેણી કરણીથી અન્ય જનોને પણ અનુકરણીય થઇ પડે છે. એવી રીતે ઇચ્છા મુજબ વર્તી અતડો રહેનાર માણસ કંઇપણ વિશેષ સ્વપરહિત સાધી શકતો નથી.

૫ ક્રૂર માણસ કિલષ્ટ પરિણામથી પોતાનુંજ હિત સાધવાને અશક્ત છતો પરનું હિત શી રીતે સાધી શકે? તેથી તે ધર્મ રત્નને અયોગ્ય સમજવો. સમ પરિણામને ધારણ કરનાર એવો અનુકંપાવાન અક્રૂર આત્માજ મોક્ષ માર્ગ સાધવાને અધિકારી હોઇ શકે છે.

૬ આ લોક સંબંધી તથા પરલોક સંબંધી દુઃખની વિચારણા કરનાર પાપ કર્મમાં પ્રવૃત્તિ કરતો નથી અને લોકાપવાદથી પણ ડરતો રહે છે એવો ભવભીરૂ માણસજ ધર્મ રત્નને યોગ્ય હોઇ શકે છે. પરંતુ જે નિર્ભયપણે-લોકાપવાદનો પણ ભય રાખ્યા વિના સ્વચ્છંદ વર્તન કરે છે તે ધર્મ રત્નને યોગ્ય નથીજ.

૭ અશઠ માણસ કોઇની વંચના કરતો નથી તેથી તે વિશ્વાસ પાત્ર અને પ્રસંશા પાત્ર બને છે. વળી તે પોતાના સદ્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવથી ઉદ્યમ કરેછે તેથી તે ધર્મ રત્નને યોગ્ય ઠરે છે. કપટી માણસતો પર વંચનાથી પોતાના કુટિલ સ્વભાવને લઇ પરને અપ્રીતિ પાત્ર બને છે. તેમજ સ્વહિતથી પણ ચૂકે છે. માટે તે ધર્મને માટે અયોગ્ય છે.

૮ સુદાક્ષિણ્યતાવંત પોતાનું કાર્ય તજી બની શકે તેટલો બીજાનો ઉપકાર કરતો રહે છે, તેથી તેનું વચન સહુ કોઇ માન્ય રાખે છે. તેમજ સહુ કોઇ તેને અનુસરીને ચાલે છે. આવા સ્વભાવથી સહેજે સ્વપરહિત સાધી શકાય છે તેથી તે ધર્મ રત્નને યોગ્ય છે. જેનામાં એ ગુણ નથી તે સ્વાર્થ સાધક અથવા આપ મતલબીના ઉપનામથી નિંદા પાત્ર થાય છે માટે તે ધર્મરત્નને અયોગ્ય ઠરે છે.

૯ લજ્જાશીલ માણસ લગારે પણ અકાર્ય કરતાં ડરે છે, તેથી તે અકાર્યને દૂર તજી સદાચારને સેવતો રહે છે, તેમજ અંગીકાર કરેલ શુભ કાર્યને તે કોઇ રીતે તજી શકતો નથી. તેથી તે સદ્ધર્મને યોગ્ય ગણાય છે. લજ્જાહીન તો કંઇ પણ અકાર્ય કરતાં ડરતો નથી તેથી તે અશુભ આચારને અનાયાસે સેવતો રહે છે. ગમે તેવા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં તે કુળ મર્યાદાને તજી દેતાંવાર કરતો નથી તેથી લજ્જાહીન ધર્મ રત્નને અયોગ્ય છે.

૧૦ દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુસરીનેજ સર્વ સદ્અનુષ્ઠાન પ્રવર્તે છે એમ જિન–આગમમાં સિદ્ધાંત રૂપે કહેલું છે, તેથીજ સર્વજ્ઞ ભાષિત સત્ય ધર્મનું યથાર્થ આરાધન કરવાને દયાળુ હોવાની ખાસ જરૂર છે અર્થાત દયાળુજ ધર્મ રત્નને યોગ્ય છે. દયાહીન કોઇ રીતે ધર્મને યોગ્ય નથી કેમકે તેવા નિર્દય પરિણામ વાળાનું સર્વ અનુષ્ઠાન નિષ્ફળ થાય છે.

૧૧ મધ્યસ્થ એટલે પક્ષપાત રહિત એવો સૌમ્ય દૃષ્ટિ પુરૂષ રાગ દ્વેષ દૂર તજીને શાંત ચિત્તથી ધર્મ વિચારને યથાસ્થિત સાંભળીને અને ગુણનો સ્વીકાર તથા દોષનો ત્યાગ કરે છે. માટે તે ધર્મને લાયક છે. પરંતુ પક્ષપાત યુક્ત બુદ્ધિવાળો માણસ અંધ શ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્ધાથી વસ્તુતત્ત્વનો યથાસ્થિત વિચારજ કરી શકતો નથી તો પછી ગુણનો આદર અને દોષનો ત્યાગ શી રીતે કરી શકે ? તેથી પક્ષપાત બુદ્ધિથી એકાંત ખેંચતાણ કરી બેસનાર ધર્મ રત્નને યોગ્ય નથી.

૧૨ ગુણરાગી માણસ ગુણવંતનું બહુ માન કરે છે, નિર્ગુણની ઉપેક્ષા કરે છે, સદ્‌ગુણનો સંગ્રહ કરે છે અને સંપ્રાપ્ત ગુણને સારી રીતે સાચવી રાખે છે, પ્રાપ્ત થયેલ ગુણોને દોષિતકરતો નથી તેથી તે ધર્મને યોગ્ય છે. નિર્ગુણ માણસ તો બીજા ગુણવંતને પણ પોતાની જેવા લેખે છે, તેથી તે નથી કરતો તેમની ઉપર રાગ કે નથી કરતો ગુણ ઉપર રાગ. પરંતુ ઉલટો ગુણદ્વેષી હોઇ સદ્‌ગુણનો પણ અનાદર કરે છે, અને આત્મગુણને મલીન કરી નાખે છે માટે તે ધર્મ રત્નને અયોગ્યજ છે.

૧૩ વિકથા કરવાના અભ્યાસ વડે કલુષિત મનવાળો માણસ વિવેક રત્નને ખોઇ દે છે. પણ ધર્મમાં તો વિવેકની ખાસ જરૂર છે, તેથી ધર્માર્થી માણસને સત્ય પ્રિય થવાનો અને સત્ય-હિતકારી વાતને કહેવાનો અથવા સાંભળવાનો ઢાળ રાખવો જોઇએ. આવા સત્ય પ્રિય અને સત્યભાષક જીવથી સ્વપરનું હિત સહેજે થાય છે તેથી તેવા ગુણવાળાજ ધર્મરત્નને યોગ્ય છે. વિકથાવંતથી ઉભયને હાનિ પહોંચે છે તેથી તે અયોગ્ય છે.

૧૪ જેનો પરિવાર અનુકૂળ વર્તનારો, ધર્મશીલ અને સદાચારને સેવવાવાળો હોય છે એવો જાડાબળિઓ માણસ નિર્વિઘ્નપણે ધર્મ સાધન કરી શકે છે. પૂર્વોક્ત સ્વભાવવાળા કુટુંબથી ધર્મ સાધનમાં કંઇ પણ અંતરાય આવવાનો સંભવ રહેતો નથી. કેમકે એવું સાનુકૂળ કુટુંબ તો ધર્મ સાધનમાં જોઇએ તેવી સહાય દઈ શકે છે, તેથી ધર્મશીલ અને સદાચારવાળા અનુકૂળ પરિવારવાળો ધર્મ દિપાવવાને યોગ્ય ગણાય છે તેવો પ્રતિકૂળ આચાર વિચાર વાળા પરિવાર વાળો યોગ્ય ગણાતો નથી. કેમકે તેથી તો ધર્મ માર્ગમાં વખતો વખત વિઘ્ન ઉભાં થાય છે. માટે શુદ્ધ અને સમર્થ પક્ષની પણ ખાસ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫ દીર્ઘદર્શી માણસ પૂર્વાપરનો અથવા લાભાલાભનો વિચાર કરી જેનું પરિણામ સારૂંજ આવવાનો સંભવ હોય, જેમાં લાભ વધારે અને ક્લેશ અલ્પ હોય, અને જે ઘણા માણસોને પ્રશંસનીય હોય તેવાં કામનોજ આરંભ કરે છે. તેવા દીર્ઘ દર્શી જનો ધર્મ રત્નને યોગ્ય છે. કેમકે તે વિચારશીલ અને વિવેકવંત હોવાથી સફળ પ્રવૃત્તિને કરનારા હોય છે. તે કંઇ પણ વગર વિચાર્યું નહિ બની શકે એવું અસાધ્ય કાર્ય સહુસા આરંભતાજ નથી. જે કાર્ય સુખે સાધી શકાય એવું માલમ પડે તેનોજ તે વિવેકથી આદર કરે છે. સહુસાકારી બહુધા અસાધ્ય કાર્ય કરવા મંડી જાય છે, અને તેમાં નિષ્ફળ નીવડવાથી તે પશ્ચાત્તાપનો ભાગી થાય છે. તેથી તે ધર્મ રત્નને લાયક ઠરતો નથી.

૧૬ વિશેષજ્ઞ પુરૂષ વસ્તુઓના ગુણ દોષને પક્ષપાત રહિત પણે પિછાની શકે છે તેથી પ્રાયઃ તેવા માણસજ ઉત્તમ ધર્મના અધિકારી કહ્યા છે. જે અજ્ઞાનતાવડે હિતાહિત, કૃત્યાકૃત્ય, ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગુણ દોષ સંબંધી બીલકુલ અજ્ઞાત છે તે ધર્મને અયોગ્યજ છે. કેમકે જે પોતાનું હિત શું છે તેટલું સમજતા પણ નથી તે શી રીતે સ્વહિત સાધી શકશે ? અને સ્વહિત સાધવાને પણ અસમર્થ હોવાથી પર હિતનું તો કહેવું જશું ? તેથી પશુની જેવા અજ્ઞાન અને અવિવેકી જનો ધર્મને માટે અયોગ્ય છે.

૧૭ પરિપકવ બુદ્ધિવાળા અર્થાત્ સદસદ્વિવેકાદિક ગુણ સંપન્ન એવા વૃદ્ધ પુરૂષો પાપાચારમાં પ્રવૃત્તિ કરતાજ નથી. એમ હોવાથી તેવા વૃદ્ધને અનુસરીને ચાલનાર પણ પાપાચારથી દૂરજ રહેછે કેમકે જીવોને સોબત પ્રમાણે ગુણ આવે છે. કહેવત છે કે ' જેવી સોબત તેવી અસર ' તેવા શિષ્ટ પુરૂષોને અનુસારે ચાલનાર ધર્મ રત્નને યોગ્ય થાય છે, પરંતુ સ્વચ્છંદે ચાલનાર માણસ કદાપિ ધર્મને યોગ્ય થઈ શકતો નથી કેમકે તે સદાચારથી તો પ્રાયઃ વિમુખ રહે છે.

૧૮ સમ્યગ્ જ્ઞાન દર્શનાદિક સર્વ સદ્ગુણોનું મૂળ વિનય છે, અને તે સદ્ગુણો વડેજ ખરૂં સુખ મેળવી શકાય છે. માટે જૈન શા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સનમાં વિનયવંત વિનીતને વખાણ્યો છે, લૌકિકમાં પણ કહેવાય છે કે 'વનો (વિનય) વેરીને પણ વશ કરે છે, તો પછી શાસ્ત્રોક્ત નીતિ મુજબ વિનયનો અભ્યાસ કરવામાં આવે તો તેના ફળનું તો કહેવુંજ શું? વિનયથી સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે તેથી ઇષ્ટ સુખના અભિલાષી જનોએ અવશ્ય વિનયનું સેવન કરવુંજ જોઇએ. અવિનીત માણસ ધર્મનો અધિકારી નથીજ. કેમકે તે તેની અસભ્ય વૃત્તિથી કંઇ પણ સદ્ગુણ પેદા કરી શકતો નથી પણ ઉલટો ઠેકાણે ઠેકાણે કલેશનો ભાગી થાય છે.

૧૯ કૃતજ્ઞ પુરૂષ ધર્મ ગુરૂને તત્ત્વ બુદ્ધિથી પરોપકારી જાણીને તેનું બહુ માન કરે છે. તેથી સમ્યગ્ જ્ઞાનદર્શનાદિક ગુણોની વૃદ્ધિ થાય છે માટે કૃતજ્ઞ માણસ ધર્મ રત્નને લાયક છે. કૃતજ્ઞ માણસ ઉપર સામાન્ય ઉપકાર કર્યો હોય તો તેને પણ તે ભૂલતો નથી તો અસાધારણ ઉપકાર કરનાર ઉપકારીને તો તે ભૂલેજ કેમ? કૃતઘ્ન માણસ ઉપકારીએ કરેલા ઉપકારને વિસરી જઇ તેનો ઉલટો અપકાર કરવા તત્પર થઇ જાય છે. દૂધ પાઇને ઉછેરેલા સાપની જેમ કૃતઘ્ન નુકસાન કરે છે માટે તે ધર્મને યોગ્ય નથી.

૨૦ ધન્ય, કૃતપુન્ય એવો પરહિતકારી પુરૂષ ધર્મનું ખરૂં રહસ્ય સારી રીતે સમજી પ્રાપ્ત કરીને નિસ્પૃહચિત્ત છતાં પોતાના પુર્ણ પુરૂષાર્થને યોગે અન્ય જનોને પણ સન્માર્ગમાં જોડી દે છે. અર્થાત્ ધર્મનું ખરૂં રહસ્ય જાણનાર અને નિસ્પૃહપણે પોતાનું છતું વીર્ય ફોરવનાર એવા પરહિતકારી પુરૂષોની જ બલિહારી છે. તેવા ધન્ય પુરૂષો સ્વપરનું હિત વિશેષે સાધી શકે છે. તેવા ભાગ્યશાળી ભવ્યો ધર્મને સારી રીતે દીપાવી શકે છે તેથી તે ધર્મરત્નને અધિક લાયક છે. કેવળ સ્વાર્થવૃત્તિવાળાથી તેવો સ્વપર ઉપકાર સંભવતો નથી. તેથી નિઃસ્વાર્થવૃત્તિ રાખવાની ખાસ જરૂર છે. નિઃસ્વાર્થી જનો પરોપકારને પોતાના શુદ્ધ સ્વાર્થથી ભિન્ન સમજતા નથી. અર્થાત્ પરોપકારને પોતાનું ખાસ કર્તવ્ય સમજીને કોઇની પ્રેરણા વિના સ્વભાવિક રીતેજ સેવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ લબ્ધલક્ષ્ય પુરૂષ સકળ ધર્મકાર્યને સુખે સમજી શકે છે અને તે દક્ષચંચળ તથા સુખે કેળવી શકાય એવો હોવાથી થોડા વખતમાંજ સર્વ ઉત્તમ કળામાં પારગામી થઇ શકે છે. આવો કાર્યદક્ષ પુરૂષ ધર્મ રત્નને લાયક હોઇ શકે છે પરંતુ અકુશળ, અશિક્ષણીય અને મંદ પરિણામી તેમજ અતિ પરિણામી જનો ધર્મને લાયક થઇ શકતા નથી. કેમકે તેમની નજર સાપેક્ષપણે સર્વત્ર ફરી વળતી નથી. તેથી તેઓ સત્ય ધર્મથી દૂર રહ્યા કરે છે, અર્થાત્ ધર્મના ખરા રહસ્યને પામી શકતાજ નથી. માટે ધર્માર્થી જનોએ કાર્યદક્ષ અને કર્તવ્ય પરાયણ થવાની પણ પૂરી જરૂર છે.

આ પ્રમાણે એ એકવીશ ગુણોનું કંઇક સહેતુક વર્ણન ધર્મ પ્રકરણ ગ્રંથને અનુસારે કરવામાં આવ્યું છે. એ ઉપર વર્ણવેલા ગુણો જેમણે સંપ્રાપ્ત કર્યા છે તે ભાગ્યશાળી ભવ્ય જનો **ધર્મરત્ન**ને લાયક થાય છે. એ એકવીશ ગુણ સંપૂર્ણ જેમને પ્રાપ્ત થયા છે તે ઉત્કૃષ્ટ રીતે લાયક છે. ચતુર્થ ભાગે ન્યૂન ગુણવાળા ભવ્ય મધ્યમ રીતે લાયક છે અને અર્ધા ભાગથી ન્યૂન ગુણવાળા ભવ્યો જઘન્ય ભાંગે લાયક છે. પરંતુ તેથી પણ ન્યૂન ગુણવાળા હોય તે તો દરિદ્રપ્રાય–અયોગ્ય સમજવાના છે, એમ સમજીને સર્વજ્ઞ ભાષિત શુદ્ધ ધર્મના અભિલાષી જનોએ જેમ બને તેમ ઉક્ત ગુણોમાં વિશેષે આદર કરવો યોગ્ય છે. કારણકે પવિત્ર ચિત્ત પણ શુદ્ધ ભૂમિમાંજ શોભે છે અને ભૂમિશુદ્ધિ ઉક્ત ગુણોવડેજ થાય છે.

( અપૂર્ણ ).

સન્મિત્ર કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અંધારામાં રહેલું એક જીર્ણ જીનાલય.
## તેનો ઉદ્ધાર થવાની જરૂર.

કચ્છ વાગડના મુખ્ય શહેર ભચૈથી સુમારે ૧ાા કોસ ઉપર એક શિકરા નામે ગામ છે, તે ગામમાં ભુજ શહેરથી વિહાર કરી શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી હંસવિજયજી સાહેબ ફરતા ફરતા આવી ચઢયા હતા, ત્યાં આવી તપાસ ચલાવતાં તેમના જોવામાં એક ખાલી પડેલું શિખરબંધ જીર્ણ જીનભુવન આવ્યું, તેની અંદર એક શિલાલેખ છે, પરંતુ તેના કેટલાએક અક્ષરો નાશ થએલા છે, અને કેટલાએક રીપેર કામ કરાવનારની બેદરકારીથી ચુનામાં દબાયેલા છે. છતાં મોટી મુશ્કીબતે તે અક્ષરો બંધ બેસતા તેમણે કર્યા છે તે ઉપરથી એટલું તો નિર્વીવાદ સાબિત થાયછે કે સંવત ૧૭૭૩માં આ શ્રી વાસુપુજ્ય સ્વામીનો પ્રાચીન પ્રાસાદ તૈયાર થએલો છે. તે ભવ્ય દેરાસર તે વખતના કચ્છ નરપતિએ પુજાજી અને સુજાજી નામના ઠકરાઇને આપેલ બાર ગામ પૈકીના શીકરા ગામમાં તેના માજી કામદાર સંતાના અને નવા કામદાર ચાંપશી ગાંધીએ મળી એકસપીથી બંધાવ્યું અને તેમાં મૂળ નાયક પદે શ્રી વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમા પધરાવી એવું ત્યાંના તે શીલાલેખ ઉપરથી સાબીત થાય છે પરંતુ ચડતી પડતીના નિયમાનુસાર તે ગામ ઉપર વાંઢીયા ગામના ઠાકોરે ચડાઇ કરવાથી તે ઉજડ થઇ ગયું એટલે આ દેરાસરની મૂર્તીઓ આધોઇ આદિ ગામમાં શ્રાવકોએ મોકલાવી દીધી. આઠ વર્ષ પછી પાછું આ ગામ આબાદ થયું અને ઠકરાઇ પણ આવી ગયા. પરંતુ દેરાસર ખાલી પડેલું છે, આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી કોઇ પ્રભુ પધરાવવા ચાહે તો તેને ગયું તીર્થ વાળવા જેવો મહાન્ લાભ છે--અગર કોન્ફરન્સ તરફથી કે ભોયણીજી તરફથી મદદ મળે તો અત્રેના શ્રાવકો મુનિ મહારાજ શ્રી હંસવિજયજી સાહેબની પાસે હાથ જોડી ખરી લાગણીના બંધનથી બંધાઇ ચુકયા છે. જે મહાશયને ઇચ્છા આ અમૂલ્ય લાભ હાંસલ કરવા થાય તેણે શ્રીમાન્ મહારાજ હંસવિજયજી સાહેબને અગર શીકરાના પંચોને ખબર આપવી તેથી તેનું આ ઉત્તમકાર્ય ફતેહમંદીથી પાર ઉતરશે. એજ

For Private And Personal Use Only